મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૦૪-૧૦-૨૦૨૫
શનિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૧૭૨
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
G NEWS LIVE Garvi Takat. com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

### રાધનપુર રોડથી રામોસણા સુધી ગંદા નાળા પર નવું રોડ, તૃષાબેન પટેલ અને મુકેશભાઈ પટેલની રજૂઆત પર મુખ્યમંત્રીની મંજૂરી

# મહેસાણા વાસીઓ માટે મોટા સમાચાર : કમળપથ ૨ ને રાજ્ય સરકારની મંજૂરી, રૂ.૧૪૫ કરોડના ખર્ચે બનશે નવું અધતન બોક્સ કલવર્ટ રોડ

(ગરવી તાકાત) મહેસાણા તા.૩

રાજ્ય સરકારે કમળપથ ૨ પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે, જે ?૧૪૫.૮૭ કરોડના ખર્ચે રાધનપુર રોડથી રામોસણા ગામ સુધી ગંદા પાણીના ખુલ્લા નાળા પર આરસીસી બોક્સ કલવર્ટ રોડનું નિર્માણ કરશે. આ પ્રોજેક્ટથી મોઢેરા રોડ, રાધનપુર રોડ અને રામોસણા વચ્ચેનું જોડાણ મજબૂત થશે, ટ્રાફિક હળવો થશે અને ગંદા નાળાની સમસ્યા હલ થશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મંગળવારે આ મંજૂરી આપી, જે જિલ્લા વિકાસ માટે મહત્વનું પગલું છે.

આ પ્રોજેક્ટની માંગ મહેસાણા જિલ્લા પંચાયત પ્રમુખ તૃષાબેન પટેલ અને ધારાસભ્ય મુકેશભાઈ પટેલએ રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરી હતી. તૃષાબેન પટેલે થોડા સમય પૂર્વે મુખ્યમંત્રી સાથે રૂબરૂ મુલાકાત કરીને આ માંગ રજૂ કરી હતી, જેના પગલે આ મંજૂરી મળી.

આ રોડથી ગંદા નાળાના પાણીના ભરાવાની સમસ્યા દૂર થશે, સ્થાનિક વેપારીઓ અને વાસીઓને વાહનચાલનમાં સુગમતા મળશે અને જિલ્લાના વિકાસને નવી ઊર્જા મળશે. આ પ્રોજેક્ટ કમળપથ ૧નું વિસ્તરણ છે, જે પહેલેથી જ લોકો માટે રાહતનું કારણ બન્યું છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી મહેસાણા જિલ્લાના વિસ્તારો વચ્ચેનું જોડાણ મજબૂત થશે, જે આર્થિક વિકાસને વેગ આપશે.





**કમળપથ ૨ પ્રોજેક્ટની મુખ્ય વિગતો ખર્ચ : ૧૪૫.૮૭ કરોડ**

**માર્ગઃ** રાધનપુર રોડથી રામોસણા ગામ સુધી, ગંદા નાળા પર બોક્સ કલવર્ટ રોડ

**લાભઃ** ટ્રાફિક હળવો, પાણી ભરાવાની સમસ્યા દૂર, મોઢેરા-રાધનપુર રોડ જોડાણ

**રજૂઆતઃ** તૃષાબેન પટેલ (જિલ્લા પંચાયત પ્રમુખ) અને મુકેશભાઈ પટેલ (ધારાસભ્ય)ની મુલાકાતો

**મંજૂરીઃ** મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના આદેશે

મહેસાણા જિલ્લા પંચાયત પ્રમુખ તૃષાબેન પટેલે મુખ્યમંત્રીના આ નિર્ણયને વખાણતા જણાવ્યું કે, "આ મંજૂરી વાસીઓની લાંબા સમયની માંગ પૂરી કરે છે અને જિલ્લાના વિકાસમાં મહત્વનું યોગદાન આપશે."

### સિદ્ધપુરના રાકેશ ઉર્ફે રાજુ મથુરજી ઠાકોરે મુસાફરી દરમિયાન મિત્રતા કેળવી મહિલાના અંગત ફોટા વાયરલ કરવાની ધમકીથી ૩ લાખ અને સોનાની વીંટી લૂંટી

# મહેસાણા ઇકો ચાલકની નફરતની કૃત્ય : ૩૫ વર્ષીય મહિલાને બ્લેકમેલ કરી દુષ્કર્મ આચર્યું, પોલીસે આરોપીને ઝડપી પાડ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૩

મહેસાણા શહેરમાં રોજિંદી મુસાફરી દરમિયાન પરિચયમાં આવેલા સિદ્ધપુરના ઈકો ચાલક રાકેશ ઉર્ફે રાજુ મથુરજી ઠાકોરે ૩૫ વર્ષીય મહિલા સાથે મિત્રતા કેળવી તેનો ગેરલાભ ઉઠાવ્યો હતો. આરોપીએ મહિલાના અંગત પળોના ફોટા વાયરલ કરવાની ધમકી આપી ૩ લાખ રૂપિયા રોકડા અને ૫૦,૦૦૦ની કિંમતની બે સોનાની વીંટી પડાવી લીધી હતી. તે ઉપરાંત મહિલાને કારમાં બેસાડી વારંવાર મારામારી કરી, મોબાઈલ ફોન તોડી



નાખ્યો અને મરજી વિરુદ્ધ દુષ્કર્મ આચર્યું.

પોલીસે આ ઘોર ગુનામાં આરોપીની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.મહેસાણા શહેરમાં રહેતી આ મહિલા ગામથી બીજા ગામ જવા-આવવા માટે ખાનગી વાહનોમાં મુસાફરી કરતી હતી.

જેમાં સિદ્ધપુરના ડેથલી ગામના ડાયમંડ સોસાયટીમાં રહેતા આરોપી સાથે પરિચય થયો અને મિત્રતા બંધાઈ. આરોપીએ આ મિત્રતાનો લાભ ઉઠાવી મહિલાને કારમાં બેસાડી ઉંજા-કામલી રોડ પર લઈ જઈ મારામારી કરી. ત્યારબાદ પણ તેની હરકતો ચાલુ રાખી ૫ દિવસ બાદ ફરી મહિલાને ઈકોમાં બેસાડી અપશબ્દો બોલી મારામારી કરી, મોબાઈલ તોડ્યો અને દુષ્કર્મ આચર્યું.

આ ઘટનામાં આરોપીની ભાવસંગ અનારજી વાઘેલા (રહે. નાનીદાઉ)એ મદદ કરી હોવાના આરોપ છે.

પોલીસે રાકેશ ઉર્ફે રાજુ મથુરજી ઠાકોર અને અનારજી વાઘેલા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી. તપાસ દરમિયાન મુખ્ય આરોપી રાકેશની અટકાયત કરી પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે, જ્યારે અનારજી વાઘેલા ફરાર હોવાથી તેની શોધખોળ ચાલી રહી છે.

પોલીસને મળતી માહિતી મુજબ આરોપીએ આ મહિલા સિવાય અન્ય કેટલીક મહિલાઓને પણ ભોગ બનાવી છે, પરંતુ કારણોસર તેઓ ફરિયાદ કરવા આવતા નથી. એ-ડિવિઝન પોલીસે ભોગ બનેલા લોકોને તેમની સુરક્ષા અને યોગ્ય કાર્યવાહીની ખાતરી આપી જાગૃત બનીને ફરિયાદ કરવાનો અનુરોધ કર્યો છે.આ ઘટનાએ મહેસાણા શહેરમાં ભારે રોષ ઉભો કર્યો છે, અને મહિલાઓની સુરક્ષા અંગે ચિંતા વધારી છે. પોલીસે આ કેસમાં કડક કાર્યવાહી કરીને બાકી આરોપીઓને પણ પકડવાની તૈયારી કરી છે.

### માઈન્ડથી માર્કેટ સુધી પહોંચવા આજે અનેક યુવાઓને સ્ટાર્ટઅપ ખૂબ મદદરૂપ બન્યું : ઋષિકેશ પટેલ

# કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને જીટીયુ આઈટીઆર મેવડ ખાતે ગર્લ્સ અને બોઝ હોસ્ટેલનો ભૂમિપૂજન સમારોહ યોજાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૩

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અમદાવાદ દ્વારા સંચાલિત જીટીયુ - ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ (જીટીયુ આઈટીઆર) મેવડ, મહેસાણા ખાતે કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને ગર્લ્સ અને બોય્ઝ હોસ્ટેલનો ભૂમિપૂજન સમારોહ યોજાયો હતો. આ તકે મંત્રીશ્રીના હસ્તે હોસ્ટેલનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, જીટીયુ આઈટીઆઈની માંગણી મુજબ સરકાર દ્વારા બોય્ઝ અને ગર્લ્સ હોસ્ટેલ મંજૂર કરવામાં આવી છે, જેનું આજે ભૂમિપૂજન થયું છે. વિદ્યાર્થીઓને અભ્યાસના સ્થળેજ રહેવાની ઉત્તમ વ્યવસ્થા મળી રહે તે માટે હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવશે જેનો લાભ દેશ વિદેશથી અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને મળશે. વધુમાં તેમણે જણાવ્યું કે આજના ટેકનોલોજીના યુગમાં વિદ્યાર્થીઓ ટેકનોલોજી અને રિસર્ચ ક્ષેત્રે અભ્યાસ કરી શકે તે માટે જીટીયુ આઈટીઆર ખાતે વિવિધ પ્રકારના અભ્યાસલક્ષી કોર્ષ ચલાવવામાં આવી રહ્યા છે. અહીંથી શિક્ષણ મેળવી અનેક વિદ્યાર્થીઓ ટેકનોલોજીના રિસર્ચ ક્ષેત્રે આગળ વધી રાજ્ય અને દેશનું નામ રોશન કરશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સ્ટાર્ટઅપ ક્ષેત્રે ભારત દુનિયામાં ત્રીજા ક્રમે છે, જ્યારે સમગ્ર દેશમાં ગુજરાત સ્ટાર્ટઅપ ક્ષેત્રે મોખરાનું સ્થાન ધરાવે છે. માઈન્ડથી માર્કેટ સુધી પહોંચવા આજે અનેક યુવાઓને સ્ટાર્ટઅપ ખૂબ મદદરૂપ બન્યું છે.આજે ઘણા યુવાઓ સ્ટાર્ટઅપ થકી એન્ટરપ્રિન્યોર અને ઉધોગકારો બન્યા છે. આ કાર્યક્રમમાં મહેસાણા ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ, બેચરાજી ધારાસભ્યશ્રી સુખાજી ઠાકોર, GTU ના કુલપતિશ્રી રાજુલ ગજ્જર, BOG મેમ્બરશ્રી રાજુભાઈ શાહ, રજીસ્ટ્રારશ્રી કે.એન. ખેર, GTU-ITR ના આચાયશ્રી સહિત અધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિસનગર સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં "Culture of Peace and Peace Education" ઉપર વ્યાખ્યાન

(ગરવી તાકાત) મહેસાણા તા.૩

સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના ઇંડિયન નોલેજ સેન્ટર-યૂનિવર્સલ હ્યૂમન વેલ્યૂ સેલ, અને વિશ્વગ્રામ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે **"Culture of Peace and Peace Education"** વિષય પર એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે મધ્યપ્રદેશ રાજ્યના પૂર્વ પોલીસ મહાનિદેશક (DGP) અને પ્રતિષ્ઠિત વક્તા શ્રીમતી અનુરાધા શંકરે ઉપસ્થિત રહી પોતાના વિચારો રજૂ કર્યા હતા. સાંકળચંદ પટેલ યુનિવર્સિટીનાં માનનીય પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશ પટેલ સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના માનનીય પ્રોવોસ્ટ ડો. પ્રફુલકુમાર ઉદાની, રજિસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદી, પ્રિન્સિપાલ ડૉ. પિયુષકુમાર પટેલ, ડો જે. જે પટેલ દ્વારા મુખ્ય મહેમાનોનું સ્વાગત કર્યું હતું. પૂર્વ પોલીસ મહાનિદેશક (DGP) શ્રીમતી અનુરાધા શંકર દ્વારા મહાત્મા ગાંધીજીના અનેક પ્રસંગો દ્વારા શાંતિ, સહિષ્ણુતા અને અહિંસા જેવા મૂલ્યોનું મહત્વ સમજાવ્યું હતું. સાથે સાથે



**આ કાર્યક્રમમાં પ્રોવોસ્ટ ડો. પ્રફુલકુમાર ઉદાની દ્વારા પ્રસંગોપાત ઉદ્બોધન કર્યું. જેમાં તેમણે પણ આધુનિક યુગમાં વિશ્વ લેવેલે શાંતિ કેવીરીતે પ્રાપ્ત કરી શકે તે પણ સમજાવવામાં આવ્યું.**

તેમણે ભારતના ઈતિહાસ સંબંધિત અનેક રસપ્રદ તથ્યો રજૂ કરી વિદ્યાર્થીઓને પ્રેરણા પૂરી પાડી હતી. તેમણે અંગ્રેજી લેખક જ્યોર્જ ઓરવેલની મહત્વની નવલકથાઓની વાત કરવામાં આવી જેમાં સમાજનું નિરૂપણ કેવીરીતે થયું છે તે દર્શાવવામાં આવ્યું. જીવનમાં શાંતિની પ્રાપ્તિ માટે પારિવારિક સંવાદ જરૂરી છે તે સમજાવવામાં આવ્યું. તેમના દ્વારા પોતાના અનુભવો પણ વ્યક્ત કરવામાં આવ્યા.

આ કાર્યક્રમમાં માનનીય પ્રોવોસ્ટ ડો. પ્રફુલકુમાર ઉદાની દ્વારા પ્રસંગોપાત ઉદ્બોધન કર્યું. જેમાં તેમણે પણ આધુનિક યુગમાં વિશ્વ લેવેલે શાંતિ કેવીરીતે પ્રાપ્ત કરી શકે તે પણ સમજાવવામાં આવ્યું.

આ કાર્યક્રમ દ્વારા વિધાર્થીઓને પ્રોત્સાહન મળ્યું અને તે જાણવા મળ્યું કે શાંતિની સાચી વ્યાખ્યા કેવી રીતે કરી શકાય. આ કાર્યક્રમમાં ૫૦ થી વધારે અધ્યાપકો અને ૨૦૦ થી વધારે વિધાર્થીઓએ હાજરી આપી હતી.

### આદર્શ સાયન્સ,આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ

# વિસનગર શહેર ખાતે હર્ષોલ્લાસની સાથે નવરાત્રિ મહોત્સવ ઉજવાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૩

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત આદર્શ સાયન્સ,આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વિસનગર ખાતે તારીખઃ- ૨૭/૦૯/૨૦૨૫ ના રોજ નવરાત્રિ મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. જેમાં છાત્રાલય સમિતિના પ્રમુખ શ્રી આઈ.બી.ચૌધરી, કેળવણી મંડળના સહમંત્રી શ્રી રામજીભાઈ ચૌધરી તથા હોદ્દેદાર શ્રી ખુમજીભાઈ ચૌધરી , તમામ વિભાગના આચાયશ્રીઓ, સ્ટાફ મિત્રો અને કોલેજના વિદ્યાર્થીઓ નવરાત્રી મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે કેળવણી મંડળના હોદ્દેદારશ્રીઓ તથા આચાયશ્રીઓએ અને સ્ટાફ મિત્રોએ મા અંબાની શ્રદ્ધાપૂર્વક આરતી ઉતારી વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ માગ્યા હતા. વિદ્યાર્થીઓએ પણ ટ્રેડિશનલ ડ્રેસમાં હર્ષ-ઉલ્લાસ સાથે ગરબે ઘૂમી માતાજીની આરાધના કરી હતી.

આ સાથે લકી ડ્રોનું આયોજન કરી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ પણ કરાયું હતું. આમ કોલેજના આચાયશ્રીના માર્ગદર્શન નીચે તમામ સ્ટાફ મિત્રોના સહયોગથી નવરાત્રિ પર્વનું સુંદર આયોજન કરાયું હતું. છેલ્લે સૌ અલ્પાહાર લઈ છૂટા પડયા હતા.

### બરવાહ (મધ્યપ્રદેશ) તાલીમ કેન્દ્રમાં ૧૦૦ મહિલા જવાનોની તાલીમ શરૂ, એરપોર્ટ અને સંવેદનશીલ સ્થળો પર તૈનાતી

# મહેસાણા સીઆઈએસએફનું ઐતિહાસિક પગલુંઃ પ્રથમ સંપૂર્ણ મહિલા કમાન્ડો યુનિટની રચના, લિંગ સમાનતા તરફ મજબૂત કદમ



(ગરવી તાકાત) મહેસાણા તા.૩

મહિલાઓને ફ્રન્ટલાઈન ઓપરેશનલ ભૂમિકાઓમાં લાવવા અને ફોર્સમાં લિંગ સમાનતા વધારવાના ઉદ્દેશ્ય સાથે કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા બળ (સીઆઈએસએફ)એ પોતાનું પ્રથમ સંપૂર્ણ મહિલા કમાન્ડો યુનિટ રચ્યું છે. આ યુનિટની તાલીમ મધ્યપ્રદેશના બરવાહ સ્થિત પ્રાદેશિક તાલીમ કેન્દ્ર (આરટીસી) ખાતે શરૂ થઈ ગઈ છે, જેમાં ૧૦૦ મહિલા જવાનોને આઠ અઠવાડિયાના તીવ્ર અદ્યતન કોર્સમાં તાલીમ આપવામાં આવી રહી છે.

આ તાલીમમાં શારીરિક ફિટનેસ, હથિયારોનો ઉપયોગ, તણાવમાં લાઈવ-ફાયર ડ્રિલ, અડચણો પર વિશેષ તાલીમ, રેપલિંગ, જંગલમાં સર્વાઈવલ અને ૪૮ કલાકના આત્મવિશ્વાસ વધારતા વ્યાયામોનો સમાવેશ થાય છે. તાલીમ પૂર્ણ થયા પછી આ મહિલા કમાન્ડોને




## રાષ્ટ્રનિર્માણ, માનવતા અને રાષ્ટ્ર સેવાની આરએસએસની શતાબ્દી યાત્રા ચાલુ

જ્યારે ડૉ. કેશવ બલિરામ હેડગેવારે ૨૭ સપ્ટેમ્બર, ૧૯૨૫ ના રોજ નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરી, ત્યારે બહુ ઓછા લોકોએ કલ્પના કરી હશે કે આગામી સો વર્ષોમાં આ સંગઠન આટલું વિશાળ અને પ્રભાવશાળી બનશે. ઈજીજી એ ભારતના સામાજિક પાયાને મજબૂત બનાવ્યું છે, તેના સાર્વભૌમત્વનું રક્ષણ કર્યું છે, નબળા વર્ગોને સશક્ત બનાવ્યા છે અને ભારતીય સભ્યતાના મૂલ્યોનું જતન કર્યું છે. ઈજીજી નિઃસ્વાર્થ સેવાનું જીવંત પ્રતીક છે.

આરએસએસના શતાબ્દી ઉજવણી પ્રસંગે, તેની યાત્રાને યાદ કરવી યોગ્ય અને જરૂરી બંને છે. તાજેતરમાં, દિલ્હીમાં, સરસંઘચાલક મોહન ભાગવતે આરએસએસની સમાવેશી વિચારધારા પર ચર્ચા કરતા કહ્યું હતું કે, ×ધર્મ એ વ્યક્તિગત પસંદગીનો વિષય છે. તેમાં કોઈ લાલચ કે બળજબરી હોવી જોઈએ નહીં.× આ નિવેદન આરએસએસની સમાજમાં સંઘર્ષ નહીં, પરંતુ સંવાદિતાની મુખ્ય વિચારધારાને પ્રતિબિંબિત કરે છે. આજે પણ,આરએસએસના દૈનિક શાખાઓ અને સ્વયંસેવકોના કાર્યક્રમો શિસ્ત, આત્મવિશ્વાસ અને ભારતીય સંસ્કૃતિમાં ગૌરવને પ્રેરણા આપે છે, જે વધુ સારા ભારતનું નિર્માણ કરવાનો માર્ગ મોકળો કરે છે.

સ્વાભાવિક છે કે,આરએસએસના અનુકરણીય યોગદાનને માન્યતા આપતા, વડા પ્રધાન મોદીએ ૭૯મા સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લાના પ્રાચીર પરથી આરએસએસને ×વિશ્વનું સૌથી મોટું બિન-સરકારી સંગઠન× તરીકે વર્ણવ્યું. ૧૯૪૭ માં, જ્યારે ભારત સ્વતંત્રતાની ઉજવણી કરી રહ્યું હતું, ત્યારે ભાગલાની દુર્ઘટનાએ ભારે જાનહાનિ કરી અને લાખો લોકોને વિસ્થાપિત કર્યા. આવી ભયાનક પરિસ્થિતિમાં,આરએસએસ સ્વયંસેવકો શિસ્તબદ્ધ, સંગઠિત અને નિઃસ્વાર્થ સેવકો તરીકે ઉભરી આવ્યા. તેઓએ વિસ્થાપિતોના પુનર્વસનમાં અનોખું યોગદાન આપ્યું.

ભાગલા પહેલા પણ, બીજા સરસંઘચાલક શ્રી ગુરુજી (એમ.એસ. ગોલવલકર) અને ઘણા વરિષ્ઠ આરએસએસ નેતાઓએ પંજાબના હિંસાગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને લોકોને સ્વરક્ષણ અને રાહત કાર્ય માટે સંગઠિત કર્યા હતા. તે સમયગાળા દરમિયાન આરએસએસની ભૂમિકાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે પ્રવર્તમાન પરિસ્થિતિથી ગભરાયેલા કોંગ્રેસ નેતાઓને પણ તેમના પરિવારો અને સમુદાયોનું રક્ષણ કરવા માટે તેમની મદદ લેવી પડી હતી. સ્વયંસેવકોની સેવાને કારણે જ ધ ટ્રિબ્યુન અખબારે આરએસએસને ×પંજાબનું તલવારબાજુ× કહ્યું.

ભાગલા પછી પણ આરએસએસનું સામાજિક સેવા કાર્ય અવિરત ચાલુ રહ્યું. ૧૯૮૪માં જ્યારે શીખ વિરોધી રમખાણો ફાટી નીકળ્યા, જેમાં હજારો શીખો માર્યા ગયા, ત્યારે આરએસએસ સ્વયંસેવકો શીખોનું રક્ષણ કરવામાં મોખરે હતા. લેખક ખુશવંત સિંહે આ વાતની પુષ્ટિ કરતા લખ્યું કે ઈન્દિરા ગાંધીની હત્યા પછી હિન્દુ-શીખ એકતા જાળવવામાં આરએસએસે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આરએસએસના કાર્યને જોતા, એવું કહી શકાય કે કેટલાક લોકોના તેના પર બહુમતીવાદી સંગઠન હોવાના આરોપ સંપૂર્ણપણે પાયાવિહોણા છે.

સ્વતંત્રતા સમયે પણ, આરએસએસે લઘુમતીઓ અને તેમના પૂજા સ્થાનોનું રક્ષણ કરવામાં મદદ કરી હતી. માર્ચ ૧૯૪૭માં, જ્યારે મુસ્લિમ લીગ દ્વારા ઉશ્કેરાયેલા ટોળાએ શ્રી હરમંદિર સાહિબ તરફ આગળ વધ્યું, ત્યારે તલવારો અને લાકડીઓથી સજ્જ આરએસએસ સ્વયંસેવકોએ તેમનો સામનો કર્યો જ નહીં, પરંતુ તેમને પીછેહઠ કરવા માટે પણ મજબૂર કર્યા. ત્રણ દિવસ પછી, જ્યારે શ્રી હરમંદિર સાહિબ પર બીજો આયોજિત હુમલો કરવામાં આવ્યો, ત્યારે સ્વયંસેવકોએ ગુરુદ્વારાની સુરક્ષા કરવા અને હુમલાખોરોને ભગાડવા માટે માનવ ઘેરો બનાવ્યો.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## વોટ ચોર, ગદ્દી છોડ : કોંગ્રેસની રાજયવ્યાપી સહી ઝુંબેશ શરૂ

અમદાવાદ તા.૩

ગુજરાતમાં ચૂંટણીમાં થતી ગેરરીતિઓ અને વોટચોરીના ષડયંત્રને ઉજાગર કરવા માટે ગુજરાત કોંગ્રેસ મેદાને ઉતરી છે. હાઈકમાન્ડના આદેશને પગલે પ્રદેશ કોંગ્રેસે ૧૦ ઓક્ટોબર સુધી રાજ્યભરમાં 'વોટ ચોર-ગદી છોડ' અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી છે.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ચૂંટણી પંચ આજે પ્રમાણિકતા અને નિષ્પક્ષતાને બદલે ભારતીય જનતા પાર્ટીની કઠપુતળી બની ગયું છે અને દેશમાં સુવ્યવસ્થિત




ષડયંત્રના ભાગરૂપે વોટ ચોરી ચાલી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે રાહુલ ગાંધીએ દેશના લોકોના મનમાં જે શંકા હતી કે ચૂંટણીઓમાં કંઈક ખોટું થાય છે, તે જાણે સાચું ઠરી રહ્યું છે.

ચૂંટણી પંચની ગેરરીતિઓ ઉજાગર કરવા અને વોટ ચોરીને અટકાવવાના ઉદ્દેશથી ગુજરાતમાં 'વોટ ચોર-ગાદી છોડ' મુદ્દે સહી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ મુહિમ અંતર્ગત દેશભરમાં ૫ કરોડથી વધુ સહીઓ એકત્ર કરીને લોકતંત્રને બચાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

ગુજરાત કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓ આ ઝુંબેશમાં સક્રિય રૂપે જોડાશે. તેઓ ઘર ઘર ફરીને એકે એક પરિવાર સુધી પહોંચી નકલી, ખોટા અને શંકાસ્પદ મતદારોને શોધી કાઢશે. આ સાથે જ કોંગ્રેસે આગામી દિવસોમાં રાજ્યની તમામ ૧૮૨ વિધાનસભા ક્ષેત્રની મતદાર યાદી ચકાસવાનું પણ નક્કી કર્યું છે.

### પ્રમુખ બનતા જ જગદીશ વિશ્વકર્મા - ઋષિકેશ પટેલનો વિડીયો વાયરલ

## ભારતીય જનતા પાર્ટી બેસતી જાય છે : જગદીશ વિશ્વકર્માએ એક વખત આ શબ્દો ઉચ્ચાર્યા હતા

### ગુજરાત ભાજપમાં સભ્યપદ ઝુંબેશના થયેલા ફીયાસ્કાથી મોવડી મંડળ ચિંતીત હતું

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૩

ભાજપના નવા પ્રદેશ પ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્માની વરણી થતા તેમનો એક જુનો વિડીયો વાયરલ થયો છે જેમાં જે ભાજપના સદસ્યતા ઝુંબેશ સમયનો હતો અને તેમા રાજયના કેબીનેટ મંત્રી સહિત તમામને ખાસ કરીને જેઓ વિધાનસભામાં ચુંટાયા છે.

તેઓને તેમના મળેલા મત અને તેમના મત વિસ્તારમાં કેટલા સક્રીય સભ્ય બનાવ્યા તે અંગે ભાજપે દરેક ધારાસભ્યો પાસેથી ખાસ રીપોર્ટ માંગ્યો હતો. આ અંગે એક સમારોહમાં જગદીશ વિશ્વકર્મા અને રાજયના સિનીયર કેબીનેટ મંત્રી ઋષિકેશ પટેલ વચ્ચેની વાતચીતનો વિડીયો વાયરલ થયો હતો.

બંને એક મંચ ઉપર બેઠા હતા



તે સમયે માઈલ ચાલુ હતુ તે તેમને ખ્યાલ ન હતો. અને જગદીશ વિશ્વકર્માએ ઋષિકેશ પટેલને એ પુછયુ હતુ કે કેટલા સભ્યો બન્યા છે તેનો રીપોર્ટ સાહેબે (નરેન્દ્રભાઈ મોદી) એ માંગ્યો છે. એમ કહીને ઋષિકેશ પટેલને તેમના સભ્યો અંગે પુછયુ હતુ.

જગદીશ વિશ્વકર્માએ એવું પણ કહયું હતું કે પાર્ટી બેસતી જાય છે. તેથી મોવડી મંડળ ચિંતામાં છે અને દરેક ધારાસભ્યો અને મંત્રીઓ ઉપર તેની નજર છે. આ તકે તેઓએ એમ પણ કહયું કે તેમને જે મત મળ્યા હોય તે પ્રમાણમાં નવા સહિતના સભ્યો બનવા જોઈએ. આ તકે ઋષિકેશ પટેલે એવો જવાબ આપ્યો હતો કે ૩૦ થી ૪૦ ટકા સભ્યો બન્યા હશે તેમનો ઉલ્લેખ તેમને જે મત મળ્યા તેના સંદર્ભમાં હતો.તો વિશ્વકર્માએ એ પણ જાણવા પ્રયત્ન કર્યો હતો કે ઓછા સભ્યો બન્યા હોવાનું પણ કન્ફર્મ છે. આ સાંભળીને ઋષિકેશ પટેલે એવું પુછયુ કે તેનાથી શું સાબીત થશે તો તેના જવાબમાં વિશ્વકર્માએ મોવડી મંડળની પાર્ટી બેસતી જાય છે. તે ચિંતા દર્શાવી હતી. મોટા ભાગની વિધાનસભા ૩૦ થી ૩૨ ટકાએ પહોચી છે. જો કે ઋષિકેશ પટેલે કહયું કે તેમને ૯૦ હજાર મત મળ્યા હતા. જેના ૫૦ ટકા સભ્યો થયા છે. આ કહયા બાદ ઋષિકેશ પટેલે કહયું કે તેનાથી શુ સાબીત થશે તેવા ઉદગાર કરીને કાઢી મુકે તો કાઢી મુકે તેવું કહયું હતું. જે વિડીયો વાયરલ થયો છે.

### નવરાત્રીના છેલ્લે નોરતામાં ગરબાની રમઝટ ઝમી હતી

## થરા તાણા ગોકુલનગર સોસાયટી માં ગોકુળીયા ગોગા મહારાજ ના ચાચર ચોકમાં ગરબાની રમઝટ જામી હતી

(ગરવી તાકાત) કાંકરેજ તા.૩

સમગ્ર ભારત દેશ માં નવરાત્રી ના નવે દિવસમાં માં ની શક્તિ ભક્તિ અને શ્રદ્ધા થી ભાઈઓ બહેનો એ ગરબા ગાઈ માતાજીની આરાધના કરી ગરબા રમી આનંદ માણ્યો હતો ગામડા થી લઈ શહેર સુધી પાર્ટી પ્લોટ હોય કે ગામડા નો ચોક હોય સૌ ભાવિ ભક્તો માતાજી ના ચાંચર ચોકમાં ગરબી રાખી ઢોલ નગારા સરનાઈ અને ડીજે ના તાલે ગરીબા ની રમઝટ બોલાવે છે આસો સુદ એક થી નોમ સુધી ગરબા રમતા યહોય છે ત્યારે બનાસકાંઠા ના ઓગડ તાલુકાના વહેપારી મથક થરા તાણા રોડ પર આવેલ ગોકુલનગર સોસાયટી માં



આવેલ ગોકુળીયા ગોગા મહારાજ ના ચોકમાં છેલ્લા ત્રીસ વર્ષ થી ગરબાનું આયોજન થાય છે આ ગરબા ના આયોજક લલિતભાઈ કોટક. કનકભાઈ ખત્રી. અંકુરભાઈ ઠક્કર. નિરંજનભાઈ ઠક્કર. વિજયભાઈ ટેસ્ટી. અને રાજુભાઈ લાટી. સૌ ગરબામાં જહેમત ઉઠાવી સેવા આપે છે નવરાત્રી માં લાણી અને ગરબામાં ગરબે ઘૂમતી બહેનો ને ઈનામી કુપન દ્વારા મોમેન્ટ આપવામાં આવે છે આ વર્ષે એક નોરતું વધતા ગરબા રમતી બહેનોને મજા પડી હતી આસો સુદ દશમ ની વિજ્યા દશમી ની રાતે સાડા બાર વાગ્યાં સુધી બહેનો ગરબે ઘૂમિ હતી પછી માતાજી ની આરતી કરી ગરબી ના વોલમણાં કર્યા હતા ત્યારે ગરબીના વોલમણાં વખતે બહેનો એ માતાજી ને પ્રાર્થના કરી હતી કે હેમા આવતી સાલ વહેલા ગરબે રમવા પધારજો અને અમારી ગોકુલનગર સોસાયટી મા રહેતા દરેક વ્યક્તિ ની મનોકામના પૂર્ણ કરજો અને સુખી રાખજો અને આ નવરાત્રી મા સતત ખડે પગે થરા પોલીસ સ્ટાફ ન તેજલબા વાઘેલા ભારતીબેન ઠાકોર સેવા આપી નિષ્ઠા પૂર્વક ફરજ નિભાવી હતી.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે.

**વૃષભઃ** આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

**મિથુનઃ** આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો આજે અપાયેલા પૈસા પાછા આવવાની સંભાવના ઓછી રહેશે.

**કર્કઃ** અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઇઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે.

**સિંહઃ** કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

**કન્યાઃ** તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે. પારિવારિક સમસ્યાઓનો અંત અને મહત્વપૂર્ણ કાર્યો સંપન્ન થતા તમારું વર્ચસ્વ વધશે.

**તુલાઃ** ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઇફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે. તમારા ભાઈની આર્થિક સ્થિતિ મજબૂત રહેવાથી તમે ખુશ થશો અને તમારો ભાર પણ ઓછો થશે.

**વૃશ્ચિકઃ** વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે. જરૂરી કાર્યો પૂરા કરવા માટે અન્યનો સહકાર લેવામાં તમે સફળ થશો.

**ધનઃ** વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઇચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે. વિદ્યાર્થીઓને આર્થિક સંકટમાંથી રાહત મળશે.

**મકરઃ** લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે.

**કુંભઃ** ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

**મીનઃ** તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે. આકસ્મિક ધન લાભ થવાના યોગ બની રહ્યા છે.



## ફિલ્મી ગપશપ

### ફિલ્મ અવલોકન : સની સંસ્કારી કી તુલસી કુમારી

## એ જ જુની ફોર્મ્યુલા... જાણે ફિલ્મની નોટબુક ખોવાઈ ગઈ હોય અને એ જ કોપી પેસ્ટિંગ...

શશાંક ખેતાનની ફિલ્મ લ્સની સંસ્કારી કી તુલસી કુમારી' જોયા બાદ એવું લાગે છે કે જાણે પડદા પર બધું જ ચમકી રહ્યું છે, પરંતુ હૃદય પાછળ રહી ગયું છે. રંગબેરંગી લગ્નના સેટ, ગીતો અને ફેશન તમને પ્રથમ નજરમાં મોહિત કરે છે, પરંતુ વાર્તા? એ જ જૂની ફોર્મ્યુલા, જાણે ફિલ્મની નોટબુક ખોવાઈ ગઈ હોય અને એ જ કોપી પેસ્ટિંગ વારંવાર થઈ રહી હોય

આ વાર્તા સની (વરુણ ધવન)ની આસપાસ વણાયેલી છે. સની તેની ગર્લફ્રેન્ડ અનન્યા (સાન્યા મલ્હોત્રા)ને પ્રેમ કરે છે, પરંતુ... આશ્ચર્ય છે. તેનો પ્રસ્તાવ ફગાવી દેવામાં આવે છે. તે જ સમયે, તુલસી (જાન્હવી કપૂર) પણ તેના પ્રેમી વિક્રમ (રોહિત સરાફ) દ્વારા રિજેક્ટ કરવામાં આવે છે.

હવે અનન્યા અને વિક્રમ એકબીજા સાથે લગ્ન કરવા જઈ રહ્યાં છે. આવી સ્થિતિમાં સની અને તુલસી ખોવાયેલા પ્રેમને પાછો મેળવવા માટે સાથે મળીને પ્લાન બનાવે છે. નકલી પ્રેમની યોજના બનાવી રહ્યાં છે, જેથી તે તેના જૂના પ્રેમીઓને પ્રી-વેડિંગમાં પરેશાન કરી શકે.

ખોટા રોમાંસ, નકલી લાગણીઓ અને પ્રસંગોપાત હાસ્યની હળવી ક્ષણ. પરંતુ જેમ જેમ સની અને તુલસીની એકબીજા પ્રત્યેની વાસ્તવિક લાગણીઓ બહાર આવે છે, તેમ તેમ તેમની યોજના જટિલ બને છે.

વરુણ ધવને પોતાની એનર્જી અને ચાર્મથી સનીને જીવંત કરી દીધો છે, પરંતુ ઘણી જગ્યાએ એવું લાગે છે કે, 'હે યાર, આ એ જ જૂના પાત્રોનું રિમિક્સ છે. જાહ્નવી કપૂર સુંદર અને ઉત્સાહી લાગે છે, પરંતુ એક જ અભિવ્યક્તિ વારંવાર જોતા હોય તેવું લાગે છે.અનન્યાના રોલમાં સાન્યા મલ્હોત્રા આકર્ષક છે, જ્યારે વિક્રમના રોલમાં રોહિત સરાફ બેલેન્સ અને સેન્સિબલ લાગી રહ્યો છે. આ જોડી ફિલ્મમાં સંતુલન જાળવી રાખે છે. મનીષ પોલની રમૂજ પ્રસંગોપાત હિટ થાય છે, પરંતુ ક્યારેક તે રિપીટ મોડ પર હોય તેવું લાગે છે. અક્ષય ઓબેરોય સહિતની બાકીની સપોર્ટિંગ કાસ્ટ રંગ ભરે છે, પરંતુ તેમાંના મોટા ભાગના ફક્ત બેકગ્રાઉન્ડમાં જ રહે છે.

શશાંક ખેતાને ફિલ્મનાં સેટ અને લુક પર ભાર મૂક્યો છે. લગ્નના દ્રશ્યો સુંદર છે, પરંતુ વાર્તામાં કોઈ નવો ટ્વિસ્ટ નથી. ઘણી જગ્યાએ આ ફિલ્મ તેની અગાઉની ફિલ્મો 'હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા' અને 'બદ્રીનાથ કી દુલ્હનિયા' જેવી જ લાગે છે. ગતિ ધીમી છે અને ઘણાં દ્રશ્યો રીપીટ થતાં હોય તેવું લાગે છે. ફિલ્મનું સંગીત તનિષ્ક બાગચી, એ.પી.એસ., સચેત-પરંપરા, ગુરુ રંધાવા, રોની અજનાલી અને ગિલ મચરાયે આપ્યું છે. મુખ્ય ગીતો 'બિજુરિયા' અને 'પનવાડી' અમુક અંશે યાદગાર છે, પરંતુ બાકીના ગીતો વાર્તામાં ફિટ થવા છતાં ખાસ અસર છોડતાં નથી. વાર્તામાં કોઈ નવી વિચારસરણી નથી. નકલી રોમાંસ, ગેરસમજો અને જુસ્સાદાર સમાધાન આગાહી કરી શકાય તેવું લાગે છે. આ પહેલાં પણ આવી ઘણી ફિલ્મો આવી છે. હાસ્ય દ્રશ્યો પ્રસંગોપાત મનોરંજક હોય છે, પરંતુ મોટાભાગના દ્રશ્યો પુનરાવર્તિત અને ખેંચાયેલા હોય તેવું લાગે છે. પટકથા પણ ખાસ કરીને નવું કંઈપણ આપતું નથી. દ્રશ્યો અને ઘટનાઓનો ક્રમ સરળ છે, જે ફિલ્મમાં રોમાંચ અથવા ટ્વિસ્ટને ઓછું છે.

## દિવાળી પૂર્વે મંત્રીમંડળ વિસ્તરણ નિશ્ચિત : સૌરાષ્ટ્રનું પ્રતિનિધિત્વ વધશે

ગાંધીનગર ,તા.૩

આજે ત્રણ ટર્મ ધારાસભ્ય રહી ચૂકેલા અને રાજયકક્ષાના મંત્રી ઓબીસી નેતા જગદીશ વિશ્વકર્મા (પંચાલ) એ ભાજપ પ્રદેશ પ્રમુખ માટે બપોરે ૧૨.૩૯ કલાકે ફોર્મ ભર્યું હતું. પ્રદેશ અધ્યક્ષ પદે માત્ર એક જ દાવેદારી થતા હવે તેઓ જ આ પદ સંભાળશે તે નિશ્ચિત થઈ ગયું છે. આવતીકાલે સત્તાવાર જાહેરાત તે એક ઔપચારિકતા રહેશે.

આ સાથે સરકાર અને સત્તા પક્ષ ભાજપના સંગઠનના વડા એમ બે મુખ્ય હોદ્દાઓ હવે અમદાવાદના થયા. આ પેહલા સી.આર.પાટીલ હતા જેઓ સુરત દક્ષિણ ગુજરાતના હતા.

હવે સંગઠનનું નક્કી થતા દિવાળી પૂર્વે રાજય સરકારમાં મંત્રીમંડળ વિસ્તરણ પણ થશે. મંત્રીમંડળમાં મોટા પાયે ફેરફારો આવશે તે નિશ્ચિત મનાઈ રહ્યું છે. અનેક મંત્રીઓની કાર્યશૈલી પર ફરિયાદ પણ પક્ષને મળી હતી. આ ઉપરાંત જગદીશ વિશ્વકર્મા કે જેઓ હવે ભાજપના પ્રદેશ પ્રમુખ બન્યા છે ત્યારે તેઓ પણ મંત્રી નહીં રહે તેવી નિશ્ચિત છે.

આ ઉપરાંત બચુ ખાબડ કે જેઓના પરિવારનું હાલમાં કથિત રીતે કૌભાંડમાં નામ સામે આવ્યું હતું તેના નામ પર કાતર ફરશે તે પણ નક્કી છે. આ સાથે સૌરાષ્ટ્ર માંથી પ્રતિનિધિત કેબિનેટમાં વધશે, જેમાં જયેશ રાદડિયા, જીતુ વાઘાણી, કિરીટસિંહ રાણા, અર્જુન મોઢવાડીયા સામેલ કરાશે.

આ ઉપરાંત રાજકોટમાંથી ભાનુબેન બાબરિયાનું નામ કપાઈ શકે



છે ત્યારે ડો.દર્શિતા શાહ અથવા ઉદય કાનગડ મંત્રી બની શકે છે. આ સાથે જામનગર જિલ્લામાંથી રિવાબા જાડેજા અથવા મેઘજીભાઈ ચાવડાને મંત્રી બનાવવામાં આવી શકે છે. દક્ષિણ ગુજરાતમાંથી નરેશ પટેલ, સંગીતા પાટીલ અને સંદીપ દેસાઈ નિશ્ચિત છે.

ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં શાસનના ચાર વર્ષ પૂર્ણ કર્યા છે. વિધાનસભાની ચૂંટણીઓ ૨૦૨૭માં થવાની છે ત્યારે તે પહેલાં કેબિનેટનું વિસ્તરણ કરીને ભાજપ હાઈકમાન્ડ એન્ટી ઈક્રમબન્સી ફેક્ટરને દૂર કરવા માગે છે. ભૂતકાળમાં પણ હાઈકમાન્ડે આખે આખું મંત્રીમંડળ બદલી નાંખ્યું હોવાના દાખલા છે. હવે જોવાનું એ રહે છે કે હાલના મંત્રીમંડળમાંથી ક્યા સભ્યો કપાય છે અને ક્યા નવા ચહેરાઓને સ્થાન મળે છે. ઉલ્લેખનીય છે કે હવે જાન્યુઆરીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પણ યોજાશે.

હાલના મંત્રીમંડળમાં મુખ્યમંત્રી ઉપરાંત કનુભાઈ દેસાઈ, બળવંતસિંહ રાજપૂત, ઋષિકેશ પટેલ, રાઘવજી પટેલ, કુંવરજી બાવળિયા, ભાનુબેન બાબરિયા, મુળુ બેરા અને કુબેર ડિંડોર મળીને કેબિનેટના આઠ સભ્યો છે.

જ્યારે સ્વતંત્ર હવાલો ધરાવતા બે રાજયમંત્રી હર્ષ સંઘવી અને જગદીશ વિશ્વકર્મા છે. એ ઉપરાંત રાજયમંત્રીમાં બીજા છ મંત્રીઓ - મુકેશ પટેલ, પ્રફુલ પાનસેરિયા, ભિખુભાઈ પરમાર, બચુ ખાબડ, પરસોત્તમ સોલંકી અને કુંવરજી હળપતિ છે.

આટલા મંત્રીઓની હકાલપટ્ટી એવું માનવામાં આવે છે કે, કેબિનેટમાંથી ત્રણ અને રાજ્યકક્ષામાંથી છ મંત્રીઓ પડતા મૂકાઈ શકે છે પરંતુ છેલ્લી ઘડીએ હાઈકમાન્ડ ક્યો ફેસલો કરે છે તે મંત્રીમંડળની શપથવિધિ સમયે ખબર પડે તેમ છે.

ઉલ્લેખનીય છે કે કેબિનેટમાં રાજ્યકક્ષાના મંત્રી બચુ ખાબડના કારણે ભાજપની પ્રતિષ્ઠા દાવ પર લાગી છે. એટલું જ નહીં એક ડઝન કરતાં વધુ સભ્યોની કામગીરી સંતોષજનક દેખાતી નથી.

હાલ એવી પણ ચર્ચા છે કે ભાનુબેન બાબરીયા, રાઘવજી પટેલ, કનુ દેસાઈ, કુબેર ડિંડોર, બચુ ખાબડ, ભીખુભાઈ પરમાર, કુંવરજી હળપતિ, બળવંતસિંહ રાજપૂત, જેવા મંત્રીઓને પડતા મુકાઈ તેવી શકયતા છે.

## ગાંધીનગરમાં નેશનલ કોન્ફરન્સ ઓન લેન્ડ એડમિનિસ્ટ્રેશન એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટનો પ્રારંભ

# ભૂમિ વ્યવસ્થાપન અને આપદા પ્રબંધનની રાષ્ટ્રીય પરિષદ સુશાસન સાથે સતત વિકાસ-આર્થિક પ્રગતિ અને સામાજિક ન્યાયની આવશ્યક્તાને અનુરૂપ છે:CM

**દેશના વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના મહેસૂલી-આપત્તિ વ્યવસ્થાપન કામગીરી સાથે સંકળાયેલા વરિષ્ઠ અધિકારીઓની સહભાગીતા**

**સેન્ટર ઓફ એક્સેલન્સ માટે મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે MOU થયા**

**વિચરતી જાતિઓના પરિવારોને સ્વામિત્વ કાર્ડ – સુરક્ષા કીટ અને રહેણાંક પ્લોટના સનદનું વિતરણ**

**જમીન આપણી સભ્યતાનો આધાર – અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ અને ખેડુતોની આજીવિકા તથા ઉદ્યોગ-વેપારના રોકાણો અને લોકોના અધિકારનું પ્રમાણ છે.**

(ગરવી તાકાત) મહેસાણા તા.૩

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ પણે જણાવ્યું છે કે, આપણી જમીન સભ્યતાનો આધાર અને અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ છે. એટલું જ નહીં, ખેડૂતોની આજીવિકા, ઉદ્યોગ વ્યાપારના રોકાણો અને લોકોના અધિકારનું પ્રમાણ પણ જમીન છે.

આ પ્રમાણ ત્રુટિહિન અને સુગમ હોય તેની પ્રાથમિકતા સુનિશ્ચિત કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં કેન્દ્ર સરકારે શરૂ કરેલો ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ ઉપયુક્ત બન્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં યોજાઈ રહેલી ભૂમિ વ્યવસ્થાપન અને આપદા પ્રબંધન અંગેની દ્વિ-દિવસીય રાષ્ટ્રીય પરિષદનો પ્રારંભ કરાવ્યો હતો.તેમણે આ અવસરે નવી રેવન્યુ ઓફિસો-રહેઠાણોનું ઉદ્ઘાટન, નવી યોજનાઓનું પ્રદર્શન, રેવન્યુ ડાયરીનું વિમોચન, સેન્ટર ઓફ એક્સેલન્સ-ઝ્ઈજ માટે શૈક્ષણિક સંસ્થાઓ સાથે ૅૅ પર હસ્તાક્ષર તેમજ વિચરતી જાતિઓના પરિવારોને SVAMITVA કાર્ડ, સુરક્ષા કિટ અને રહેણાંક પ્લોટની સનદનું વિતરણ પણ કર્યુ હતુ.

આ દ્વિ-દિવસીય રાષ્ટ્રીય પરિષદનું આયોજન રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ તથા જમીન સંસાધન મંત્રાલય (DoLR) તેમજ ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (GSDMA) દ્વારા સંયુક્ત પણે કરવામાં આવ્યું છે.

આ કોન્ફરન્સમાં નાગરિક કેન્દ્રિત શાસન માટે મહેસૂલ કાયદાઓનું આધુનિકીકરણ, જમીન રેકોર્ડ અને નોંધણી પ્રણાલીઓનું અપગ્રેડેશન, શહેરી જમીન રેકોર્ડનું નિર્માણ અને અપડેટિંગ, મહેસૂલ કોર્ટ કેસો - પ્રક્રિયા પુનઃએન્જિનિયરિંગ, પુનર્સર્વેક્ષણ પ્રયાસો અને જમીન સંપાદન, આપત્તિ વ્યવસ્થાપનમાં શ્રેષ્ઠ કામગીરી, આધુનિક જમીન વહીવટ માટે માનવ સંસાધન આયોજન જેવા વિવિધ વિષયો પર મહાનુભાવો દ્વારા પેનલ ડિસ્કશન કરવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી યોજાઈ રહેલી આ નેશનલ કોન્ફરન્સ સુશાસન સાથે સતત વિકાસ, આર્થિક પ્રગતિ અને સામાજિક ન્યાયની આવશ્યકતાને અનુરૂપ કોન્ફરન્સ ગણાવી હતી

તેમણે ગુજરાતને વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશીપનો ૨૪ વર્ષેથી જે સતત લાભ મળી રહ્યા છે તેનો વિશેષ ઉલ્લેખ કરતા કહ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આગવી પહેલ કરીને ૨૦૦૫માં ઈ-ધરા યોજનાથી ખેડૂતોની જમીનના રેકોર્ડ્સનું ડિજિટાઈઝેશન શરૂ કરાવી દીધું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, દેશના અન્ય રાજ્યોમાં ખેડૂતોને પોતાની જમીનના રેકોર્ડ્સની વિગતો માટે સરકારી કચેરીઓના ધક્કા ખાવા પડતા હતા તેવા સમયે ગુજરાતે શ્રી નરેન્દ્ર ભાઈની દીઘર્દ્રષ્ટિથી લેન્ડ રેકોર્ડ્સ ડિજિટલી ઉપલબ્ધ કરાવવાની શરૂઆત કરી હતી. નાગરિક કેન્દ્રિત સુશાસનને સાકાર કરવા વડાપ્રધાનશ્રીની જ



પ્રેરણા અને માર્ગદર્શનથી ૨૦૧૧માં ગુજરાતે રાજ્યભરમાં જનસેવા કેન્દ્રો શરૂ કર્યા તેની પણ વિસ્તૃત ભૂમિકા તેમણે આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મહેસુલની જટિલ અને ગુંચવણભરી પ્રક્રિયાઓને લોકાભિમુખ અને સરળ બનાવવા ગુજરાતે પારદર્શી અને વિશ્વસનીય પ્રશાસન માટે I-ORA (આઈ-ઓરા) પોર્ટલની કરેલી પહેલની પ્રશંસા કરી હતી.

તેમણે કહ્યું કે, આ એક એવી પહેલ છે જેના પરિણામે લેન્ડ રેકોર્ડ્સ સંબંધિત ૩૫ થી વધુ સેવાઓ એન્ડ ટુ એન્ડ ઓનલાઈન ઉપલબ્ધ થઈ છે. એટલું જ નહીં, જમીન માપણીમાં અગાઉ જે લાંબો સમય થતો હતો તે માપણી હવે ૨૧ દિવસમાં જ પૂર્ણ થઈ જાય છે.

મુખ્યમંત્રીશ્રીએ gARVI-2.0 (ગરવી ૨.૦) જેવા ડિજિટલ પ્લેટફોર્મના પરિણામે નાગરિકોને ઘેર બેઠા ઈન્ડેક્સ ૨ અને લેન્ડ રિલેટેડ ડોક્યુમેન્ટ્સ પહોંચાડવામાં આવે છે તેની વિગતો પણ આપી હતી. તેમણે કહ્યું કે, આ બધી જ ટેકનોલોજી દેશની જ પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા વિકસાવાયેલી સ્વદેશી ટેકનોલોજી છે અને તેના સફળ સંચાલનથી લેન્ડ એડમિનિસ્ટ્રેશનની નવી પહેલોને કારણે લાખો લોકો નિર્વિવાદ રૂપે પોતાની જમીનના માલિક બની શક્યા છે. મુખ્યમંત્રીશ્રીએ આવી સીટીઝન સેન્ટ્રિક ગવર્નન્સ પદ્ધતિઓની અગ્રેસરતાથી જ ગુજરાત દેશના વિકાસનું રોલ મોડલ બન્યું છે તેનું ગૌરવ કર્યું હતું.

તેમણે ડિઝાસ્ટર મેનેજમેન્ટ-આપદા પ્રબંધનમાં પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં ગુજરાતે કચ્છના ૨૦૦૧ના ભયાનક ભૂકંપ પછી જે ઝડપી પુનર્વસન કરીને આપત્તિને અવસરમાં પલટાવી છે તેની ભૂમિકા આપી હતી. કોસ્ટલ સ્ટેટ તરીકે વાવઝોડા – વરસાદ – ચક્રવાત જેવી કુદરતી આપદાઓનો સામનો ઝિરો કેઝ્યુઆલિટીથી કરવાની ક્ષમતા ગુજરાતમાં વિકસી છે તેની પણ તેમણે છણાવટ કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પાછલા કેટલા વર્ષોમાં વધતી જતી કુદરતી આફતો સામે લડવાની ક્ષમતા માટે લેન્ડ એડમિનિસ્ટ્રેશન અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના ઈન્ટીગ્રેટેડ એપ્રોચ માટેની આવશ્યકતા સમજાવી હતી. ગુજરાતે આ અંગે નેશનલ સાઈક્લોન મિટિગેશન પ્રોજેકટ અન્વયે ૧૧ કોસ્ટલ જિલ્લાઓમાં ૭૬ જેટલા મલ્ટી પર્પઝ સાઈક્લોન સેન્ટર્સ બનાવ્યા છે તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આ નેશનલ કોન્ફરન્સનો નિષ્કર્ષ લેન્ડ એડમિનિસ્ટ્રેશન અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ બેયને મોર્ડન ટેકનીક્સ અને ટ્રાન્સપરન્સીથી સિટિઝન સેન્ટ્રીક એપ્રોચ સાથે વધુ સક્ષમ બનાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

તેમણે નાગરિકોના જમીન અધિકારો સુનિશ્ચિત કરવા અને પ્રાકૃતિક આપદાઓ સામે ડિઝાસ્ટર રીઝિલિયન્ટ વ્યવસ્થાઓ માટે સૌને સાથે મળીને સંયુક્ત રાષ્ટ્રીય રણનીતિ ઘડવાની હિમાયત કરી હતી.

આ પ્રસંગે કેન્દ્ર સરકારના જમીન સંસાધન વિભાગના સચિવ શ્રી મનોજ જોષીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા આજે વિવિધ ભૂમિનો સર્વે ટ્રેડિશનલ પદ્ધતિની જગ્યાએ ડ્રોન-રોબોટ જેવા અદ્યતન સાધનો અને ઓનલાઈન પ્લેટફોર્મના માધ્યમથી કરવામાં આવી રહ્યો છે. જેનો ગુજરાતના પાંચ શહેરોમાં અસરકારક અમલ શરૂ પણ કરવામાં આવ્યો છે, જ્યારે બાકીના શહેરોમાં આગામી ૨-૩ વર્ષમાં શરૂ કરવામાં આવશે.

સચિવ શ્રી જોષીએ વધુમાં જણાવ્યું કે, ગુજરાતમાં ભૂમિ રેકર્ડની વ્યવસ્થા ખૂબ જ સારી છે. તેમણે ઉમેર્યું કે સમગ્ર દેશમાં ડિટેલ્ડ રિ-સર્વે કરાવનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. તેમણે રાજ્યના વિવિધ વિભાગો વચ્ચે સંકલન વધુ સારું થાય તે માટે માર્ગદર્શન આપ્યું હતું.

રાષ્ટ્રીય પરિષદમાં સૌને આવકારતાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી ડૉ. જયંતી રવીએ જણાવ્યું હતું કે, ભારત અત્યારે આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે, ત્યારે આટલાં વર્ષોમાં રાજ્યમાં જમીનને લઈને અનેક નવીન સુધારાઓ અમલી બનાવવામાં આવ્યા છે. સામાન્ય નાગરિકોને સરળતાથી સાચી માહિતી અને સુવિધાઓ મળી રહે, તે માટે જમીનને લગતા અનેક મહત્ત્વપૂર્ણ ફેરફારો માટે iORA, ઈ-ધરા જેવી અનેક નવી પહેલ અમલી બનાવી છે. રાજ્યમાં જમીન મહેસૂલને લગતી સેવાઓ વધુ સરળતાથી થઈ શકે તે હેતુથી ૨,૩૮૯ જેટલા તલાટીઓની ભરતીની જાહેરાત કરાઈ છે જેને ઝડપથી પૂર્ણ કરવાની કામગીરી પ્રગતિમાં છે.

રાજયના નાગરિકોની સુખાકારીમાં વધારો કરવા માટે જમીન સર્વે, જમીન નોંધણી,જમીન વ્યવસ્થાપન,જમીન રેકોર્ડ જેવી જમીનને લગતી તમામ માહિતી ઈન્ટિગ્રેટેડ લેન્ડ એડમિનિસ્ટ્રેશન-ILA એપ્લિકેશન પર ઉપલબ્ધ થઈ જશે. બે દિવસીય આ કોન્ફરન્સમાં જમીન વ્યવસ્થાપન અને આપત્તિ વ્યવસ્થાપનને લગતા વિવિધ ૮ વિષયો અંગે સેમિનાર, પેનલ ડિસ્કશન અને એક્શન સેમિનાર યોજાશે.

આ કોન્ફરન્સમાં તલાટીથી લઈને અધિક મુખ્ય સચિવશ્રી સહિતના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ ભાગ લઈ રહ્યા છે. તેમ તેમણે ઉમેર્યું હતું.

આ રાષ્ટ્રીય પરિષદના ઉદ્ઘાટન સત્રમાં સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રીઓ, મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ, કેન્દ્ર સરકારના જમીન સંસાધન વિભાગના સંયુક્ત સચિવ શ્રી કુનાલ સત્યાર્થી સહિત ગુજરાતના વિવિધ જિલ્લાના કલેકટરશ્રીઓ અને દેશના વિવિધ રાજ્યોના તથા કેન્દ્ર શાસિત પ્રદેશોના મહેસૂલી-આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી સાથે સંકળાયેલ ઉચ્ચ અધિકારીશ્રીઓ સહભાગી થયા હતા.

## મુખ્યમંત્રી તા.૧૧ના રાજકોટની મૂલાકાતે : અનેક વિકાસ પ્રોજેકટોનું લોકાર્પણ-ખાતમુહુર્ત કરશે

(ગરવી તાકાત) અમદાવાદ તા.૩

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આગામી તા.૧૧ને શનિવારે રાજકોટની મુલાકાત લેનાર છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેઓની આ મુલાકાત દરમિયાન અનેક વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુર્હુત કરનાર છે. આ અંગે વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આંધી દેવામાં આવી છે.



સુત્રોએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ જિલ્લા પંચાયત અને મ્યુ.કોર્પોરેશનના રૂા.કરોડોના વિકાસ પ્રોજેકટોનું ખાતમુહુર્ત કરનાર છે. જેમા જીલ્લા પંચાયત દ્વારા ગ્રામ્ય વિસ્તારોના લાભાર્થીઓને રહેણાંક મકાનોના પ્લોટની ફાળવણી તેમજ અનેક નવા પ્રોજેકટોના ભુમીપુજન ખાતમુહુર્ત કરશે. વિકાસ સપ્તાહને અનુલક્ષીને આ નવા પ્રોજેકટોનું લોકાર્પણ-ખાતમુહુર્ત કરવામાં આવનાર છે. આ તૈયારીઓ વહીવટી તંત્ર દ્વારા શરૂ કરવામાં આવી છે.

# ઈશ્વર પાછળ જે પડે તેની પાછળ જગત પડે છે પરમાત્મા જેને અપનાવે છે તેને શત્રુઓ પણ વંદન કરે છે



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો બ્રહ્માનંદ એકલપેટો છે એકને જ આનંદ આપે છે. યોગી આ સમાધિમાં જે આનંદ પ્રાપ્ત કરે છે તે આનંદ યોગીની સેવા કરનારને પણ મળતો નથી. સમાધિમાં રહેલા યોગીઓ એકલા તરે છે પણ સત્સંગી તરે છે અને તારે છે. કથા શ્રવણ સર્વને એકી સાથે આનંદ આપે છે તે અનેકભોગ્ય છે.તેથી કથા શ્રવણનો કથાનંદ શ્રેષ્ઠ.

કેટલાક ટીકાકારો કહે છે કે,બ્રહ્મા નંદ કરતાં કોઈ આનંદ શ્રેષ્ઠ ન હોઈ શકે, પરંતુ સત્સંગ મહિમા વધારવા માટે આ પ્રમાણે ભાગવતમાં કહ્યું છે.ધ્રુવજીને પ્રભુ એ કહ્યું, હું તારા ઉપર પ્રસન્ન છું. તું કાંઈક માગ! ધ્રુવજી કહે છે, હે નાથ,મને શું માંગવાનું તે સૂઝ પડતી નથી. આપને પ્રિય હોય તે આપો! નરસિંહ મહેતાએ આમ જ કહેલું. નરસિંહ મહેતા ઉપર શંકરદાદા પ્રસન્ન થયા અને કહ્યું, વરદાન માગ. નરસિંહ મહેતાએ કહ્યું, મહારાજ, શું માંગવું તે મને સમજ પડતી જ્ઞથી. તમને પ્રિય હોય તે આપજો. શિવજીએ કહ્યું, મને તો રાસલીલા પ્રિય છે. ચાલ,તને તેનાં દર્શન કરાવું. શિવજીએ મહેતાજીને રાસલીલા નાં દર્શન કરાવ્યાં.

પ્રભુએ આજ્ઞા કરી, તું કેટલાક કલ્પ પર્યંત રાજ્ય કરજે, પછી હું તને મારા ધામમાં લઈ જઈશ. ધ્રુવ બતાવે છે કે, હું રાજા થઈ સંસારમાં ફસાઈ જાઉં તો? મારે રાજા થવું નથી. પ્રભુ કહે છે કે, ચિંતા ન કર. આ માથા તને અસર કરી શકશે નહીં.હું તને સાચવીશ. તને રાજા થવાની ઈચ્છા નથી. બાળકને આનંદ થતો નથી, પણ માને આનંદ થાય છે. જગતને મારે બતાવવું છે કે, જે મારો થાય છે તેને લૌકિક આનંદ હું આપું છું અને અલૌકિક આનંદ પણ આપું છું.મારાભક્તને અલૌકિક સુખ સાથે હું લૌકિક સુખપણ આપું છું

શબરી કે મીરાં જેવો દઢ ભક્તિ ભાવ થાય તો ભગવાન કહે છે કે, હું તને સાચવીશ.ભગવાન જ્યાં સુધી જીવને સાચવે ત્યાં સુધી જીવ કામનો નાશ કરી શકતો નથી. ભગવાનની તાકાત વગર જીવની શું મજાલ છે કે પોતાને સાચવી શકે? રામજી જેને સાચવે છે તે કામને આધીન થતો નથી.

મહારાજ ઉત્તાનપાદ અનુષ્ઠાનમાં બેઠા હતા, ત્યારે સેવકે આવીને કહ્યું, મહારાજ, મહારાજ, ધ્રુવકુમાર આવ્યા છે. ઉત્તાનપાદ દોડયા!

સમજવા જેવી વાત છે. છ માસ પહેલાં ધ્રુવજી પિતાને મળવાગયા તો પિતા એને ગોદમાં લેતાં નથી અને છ મહિના પછી ભગવાનના દર્શન કર્યા પછી ધ્રુવજી આવ્યા ત્યારે ધ્રુવજીને મળવા રાજા દોડે છે.ઈશ્વર પાછળ જે પડે તેની પાછળ જગત પડે છે.પરમાત્મા જેને અપનાવે છે તેને શત્રુઓ પણ વંદન કરે છે.જેણે ધ્રુવનું અપમાન કરલું તે ઉત્તાનપાદ આજે ધ્રુવનું સ્વાગત કરવા દોડયા છે. વિચારે છે પાંચ વર્ષનો બાળક ભગવાનનાં દર્શન કરીને આવ્યો, અને હું પંચાવન વર્ષનો થયો છતાં સુરુચિમાં ફસાયો છું. ધિક્કાર છે મને! એની આંખમાંથી આનંદાશ્રુ નીકળે છે. બાળકને ઊઠાવી છાતી સરસો ચાંપે છે.

પછી ધ્રુવ માતાજીનાં દર્શન કરવા જાય છે. ઓરમાન માને વંદન કરે છે.પછી સુનીતિને!સુરુચિનું હૃદય ભરાયું છે. કેવો ડાહ્યો છે! સુનીતિ તો એક અક્ષર બોલી શક્યા નથી એને લાગ્યું કે આજે હું સાચી પુત્ર વતી થઈ!

રામચરિતમાનસમાં તુલસીદાસજી કહે છે, જેને પેટે રામની ભક્તિ કરવાવાળો દીકરો પાકે તે બાઈ પુત્રવતી કહેવાઈ.

લોકોએ ધ્રુવજીનો વરઘાડો કાઢ્યો ધ્રુવજીને હાથી ઉપર બેસવા કહ્યું. ધ્રુવજી કહેછે,હું એકલો નહીંબેસુ પહેલા ઉત્તામ પછી હું ઉત્તમને પ્રથમ હાથી ઉપર બેસાડી પછી ધ્રુવજી બેઠા.જેને પોતાના ભાઈ માં ઈશ્વર ન દેખાય તેને બીજામાં કે મૂર્તિમાં કેમ કરી દેખાવાના છે?

શાબ્દિક ઉપદેશની અસર જલદી થતી નથી. ક્રિયાત્મક ઉપદેશની અસર તરત થાય છે. સુરુચિને આજે પશ્ચાત્તાપ થયો.તેણે સુનીતિના ચરણમાં માથું મૂક્યું. આંખમાંથી આંસુ નીકળે છે. સાથે સાથે મનનો મેલ ધોવાય છે.

ધ્રુવકુમારનો રાજ્યાભિષેક કરવા માં આવ્યો.ભૂમિ સાથે તેનું મિલન થયું.ઉત્તામ એક જ વખત જંગલ માં શિકારે ગયો છે.ત્યાં યક્ષ સાથે યુદ્ધ થયું.તેમાં એ માર્યો ગયો.આ સમાચાર સાંભળી ધ્રુવ જી યુદ્ધે ચડયા. ભીષણ યુદ્ધ થયું.ધ્રુવ યક્ષોનો સંહાર કરવા લાગ્યો, ત્યારે તેમના દાદા મનુ મહારાજ ત્યાં પધાર્યા. કહે, બેટા, વૈષ્ણવો વેર કરતા નથી. વિષ્ણુ ભગવાન એ પ્રેમનું સ્વરૂપ છે. ભૃગુઋષિએ છાતી ઉપર લાત મારેલી તેમ છતાં છાતીમાં લાત મારનાર ઉપર વિષ્ણુ ભગવાન પ્રેમ કરે છે!મનુ મહારાજે કહ્યું,પ્રાણીમાત્ર પ્રત્યે તિતિક્ષા,કરુણા,મૈત્રી અને સમત્વ ભાવ રાખવાથી સર્વાત્માભગવાન પ્રસન્ન થાય છે અને ભગવાન પ્રસન્ન થાય ત્યારે પ્રકૃતિના ગુણો થી મુક્ત બની પુરુષ બ્રહ્મનિર્વાણ ને પામે છે.

તિતિક્ષા, કરુણા અને મૈત્રી આ ત્રણ ગુણો જીવનમાં ઉતારે અને દરેક પ્રાણ પ્રત્યે સમભાવ રાખે તો ભગવાન પ્રસન્ન થાય છે.મનુ મહારાજના ઉપદેશથી ધ્રુવે સંહાર બંધ કર્યો.બાળક હતા ત્યારે ધ્રુવજી યમુનાજી ગયા છે અને વૃદ્ધ થયા ત્યારે ગંગાજી પાસે ગયા છે. ગંગાજી મરણ સુધારે છે. ગંગાકિનારે ધ્રુવજી બેઠા. ગંગા ખડખડ દોડતી વહે છે. ધ્રુવજીના ભજનમાં વિક્ષેપ થવા લાગ્યો.ધ્રુવજી ગંગાકિનારોછોડવા તૈયાર થયા ત્યારે ગંગાજી પ્રગટ થયાં. ગંગાજી કહે, આજથી હું અવાજ નહીં કરું, પણ શાંત થઈ દયાન કરીશ. તું અહીંથી ન જતો. ગંગાજી શાંત થયા છે. ઋષિકેશથી આગળ ધ્રુવ આશ્રમ પાસે ગંગાજી શાંત થયા છે તે આજદિન સુધી શાંત છે. ઋષિકેશથી આગળ ગંગાજી શાંત દેખાતાં નથી. ફક્ત ધ્રુવાશ્રમ પાસે ગંગાજી શાંત છે.ભગવદ્ આજ્ઞાથી પાર્ષદો ધ્રુવકુમાર માટે વિમાન લઈને આવ્યા છે, પણ ધ્રુવજીને ગંગાકિનારો છોડી વૈકુંઠમાં જવાની ઈચ્છા થતી નથી. ગંગાકિનારે રહી સત્સંગ, ભજન,ધ્યાનમાં જે આનંદ-મળ્યો તે વૈકુંઠમાં ક્યાં મળવાનો છે? ધ્રુવજીએ ગંગાજીને સાષ્ટાંગ પ્રણામ કરી ગંગાજીમાં છેલ્લુ સ્નાન કર્યું. ગંગાજીને છોડતાં વેદના થાય છે. હૃદય ભરાયું છે. ગંગાજી હાજર થયાં છે. ગંગાજીએ પ્યાર કરી કહ્યું, બેટા, આ મારું ભૌતિક સ્વરૂપ છે. વૈકુંઠમાં હું આધિભૌતિક સ્વરૂપે રહું છું. પછી ધ્રુવકુમાર સર્વને વંદન કરીને વૈકુંઠમાં જ જાય છે.

મૃત્યુદેવ ધ્રુવની પાસે આવ્યા. મૃત્યુદેવે મસ્તક નમાવ્યું. ધ્રુવજી મૃત્યુના મસ્તક ઉપર એક પગ મૂકી બીજો પગ વિમાનમાં મૂકે છે ધ્રુવજી ભગવાનના ધામમાં જાય છે. ધ્રુવકુમાર વૈકુંઠમાં ગયા. ત્યારે સર્વને આનંદ થયો પણ એક નારદજી નારાજ થયા છે. મારો ચેલો મૃત્યુના માથે પગ મૂક વિમાનમાં બેસી વૈકુંઠમાં ગયો અને હું હજી જગતમાં રખડયા કરું છું. મારા માટે વિમાન આવ નથી.મારો ચેલો મારાથી ચડિયાતો થયો. એ બતાવે છે કે, બહુ કથા કરવાથી પણ પરમાત્મા મળતા નથી.

પ્રભુના લાડલા ભકતો કાળના માથા પર પગ મૂકીને વૈકુંઠમાં જાય છે ભગવદ્ સ્કંધ ચોથાના અધ્યાય બારમા શ્લોક ત્રીસમાં સ્પષ્ટ કહેલું છે કે, ધ્રુવજી મૃત્યુના માથા ઉપર પગ મુકીને વિમાન ઉપર ચઢ્યા.

### સુશાસન, વિકાસ અને એકતાના નવા અધ્યાયની સાથે વાવ-થરાદ જિલ્લાનો વિધિવત પ્રારંભ

# વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી અને મંત્રી બલવંતસિંહ રાજપૂતના વરદ હસ્તે નવીન વાવ - થરાદ કલેક્ટર કચેરીનો શુભારંભ કરાયો

## વાવ થરાદ જિલ્લામાં ૮ તાલુકા, ૨ નગરપાલિકા અને ૪૧૬ ગામડાઓનો સમાવેશ

(ગરવી તાકાત) વાવ તા.૩

સુશાસન, વિકાસ અને એકતાના નવા અધ્યાયની સાથે આજથી વાવ થરાદ જિલ્લો સત્તાવાર રીતે અસ્તિત્વમાં આવ્યો છે. વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે થરાદ ખાતેથી કલેકટર કચેરીનો વિધિવત શુભારંભ કરાયો હતો. આ સાથે ચાર નવા તાલુકાઓ ઓગડ, ધરણીધર, રાહ અને હડાદ પણ અસ્તિત્વમાં આવ્યા છે.

આ પ્રસંગે અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અને મંત્રીશ્રી


(તસ્વીર-અહેવાલ : ભરત ચૌધરી,વાવ)

બલવંતસિંહ રાજપૂતે ઉપસ્થિત તમામ લોકોને શુભેરછાઓ પાઠવીને નવીન વાવ-થરાદ જિલ્લાની કલેકટર કચેરીનું રીબીન કાપીને કચેરીનો પ્રારંભ કર્યો હતો. બંને મહાનુભાવોનું ખોરડા, જેતડા, ભોરડું અનેખેંગારપુરા ગામના લોકોએ ઢોલ નગારા સાથે ભવ્ય સ્વાગત કરીને નવીન જિલ્લા માટે સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. આજનો દિવસ સમગ્ર સરહદી વિસ્તારના નાગરિકો માટે ઉત્સાહ અને ઉમંગના દિવસ તરીકે ઉજવાયો હતો અને થરાદ થી રાહ સુધી બાઈક રેલીનું આયોજન કરાયું હતું.

થરાદ ખાતે નવી જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી અને જિલ્લા પંચાયત કચેરી સહિતની કચેરીઓનો શુભારંભ થયો છે. સરહદી વિસ્તારના નાગરિકોની વર્ષો જૂની માંગણી પૂર્ણ થતાં થરાદ ખાતે બહોળી સંખ્યામાં નાગરિકોએ નવા જિલ્લા શુભારંભ વખતે ઉજવણી કરી હતી.

નવીન વાવ-થરાદ જિલ્લામાં થરાદ, વાવ, સુઈગામ, ભાભર, દિયોદર, લાખણી અને નવીન ૨ તાલુકા ઢીમા અને રાહ મળીને કુલ ૮ તાલુકાનો સમાવેશ થયો છે. નવનિર્મિત જિલ્લામાં ૮ તાલુકા, ૨ નગરપાલિકા, ૪૧૬ ગામડા તથા ૯ લાખ ૭૮ હજાર ૮૪૦ વસ્તીનો સમાવેશ થાય છે. બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર, ડીસા, વડગામ, દાંતીવાડા, દાંતા, અમીરગઢ, ધાનેરા, કાંકરેજ સહિત નવીન ૨ તાલુકા ઓગડ અને હડાદ મળીને કુલ ૧૦ તાલુકાનો સમાવેશ

સરકારશ્રીએ વાવ થરાદ જિલ્લા માટે જિલ્લા કલેકટર તરીકે શ્રી જે.એસ.પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી કાર્તિક જીવાણી અને જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ચિંતન.જે.તેરૈયાની નિમણૂક કરી છે.

કલેકટર કચેરી શુભારંભ વખતે વાવ ધારાસભ્યશ્રી સ્વરૂપજી ઠાકોર, પૂર્વ સાંસદશ્રી પરબતભાઈ પટેલ, બનાસકાંઠા કલેકટરશ્રી મિહિર પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી પ્રશાંત સુમ્બે સહિતના અધિકારીશ્રીઓ, પદાધિકારીઓ અને બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ઢોલ નગારા અને બાઇક રેલી સાથે સરહદી વિસ્તારમાં નવ નિર્મિત જિલ્લાની ઉજવણી કરતા નાગરિકો

### હિંમતનગર ખાતે જિલ્લાકક્ષાની ટેક હોમ રાશન અને મીલેટમાંથી બનતી વિવિધ પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઇ

## દરેક ઘરમાં પોષણયુક્ત ભોજન થકી દરેક બાળક કુપોષણમુક્ત બની સાબરકાંઠા સ્વસ્થ જિલ્લો બને તે માટે સૌનો સંયુક્ત પ્રયાસ જરૂરી છે

(ગરવી તાકાત) હિંમતનગર તા.૩

સાબરકાંઠા જિલ્લામાં આઈ.સી.ડી.એસ,મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા આયોજિત પોષણ ઉત્સવ-૨૦૨૫ અંતર્ગત જિલ્લાકક્ષાનો ટેક હોમ રાશન અને મીલેટ (શ્રી અન્ન) માંથી બનતી વિવિધ પૌષ્ટિક વાનગી સ્પર્ધા મહિલા બાળ વિકાસ સમિતિ ચેરમેનશ્રી લીનાબેન નિનામા તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી હર્ષદ વોરાની ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત સભાખંડ ખાતે યોજાઈ હતી.

આ કાર્યક્રમમાં મહિલા બાળ વિકાસ સમિતિ ચેરમેનશ્રી લીનાબેન નિનામાએ જણાવ્યું હતું કે દરેક ઘરમાં પોષણયુક્ત ભોજન તૈયાર થાય, દરેક બાળક કુપોષણમુક્ત બને અને સાબરકાંઠો 'સ્વસ્થ જિલ્લો' તરીકે ઓળખાય તે માટે આપણે સૌ મળીને પ્રયત્ન કરવો પડશે.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, ×સંતુલિત અને પૌષ્ટિક આહાર જ આરોગ્યનું સાચું મૂલ્ય છે. બાળકોમાં



પોષણની ખામી દૂર કરવા માટે મીલેટ અને ટેક હોમ રાશન અત્યંત અસરકારક છે. ''મીલેટને આપણા રોજિંદા આહારમાં સ્થાન આપવું એ આજની સૌથી મોટી જરૂરિયાત છે.પોષણ એક સામૂહિક ચળવળ છે જેમાં સમાજના દરેક વર્ગની ભાગીદારી જરૂરી છે.

કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી રાજ સુતરીયાએ જણાવ્યું હતું કે પોષણ માત્ર મહિલાઓની જ નહીં પરંતુ પુરુષોની પણ જવાબદારી છે. ઘરગથ્થુ જીવનમાં પુરુષોનો સહકાર મળશે તો પરિવાર વધારે પોષણયુક્ત અને સ્વસ્થ બની શકશે.

આ કાર્યક્રમ દરમિયાન આંગણવાડીની બહેનો દ્વારા મિલેટ તેમજ ટીએચઆર માંથી વિવિધ વાનગી સ્પર્ધામાં વિજેતા થયેલ આંગણવાડી બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ પોષણ અંગે શપથ લેવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ગ્રામ વિકાસ એજન્સી નિયામકશ્રી કે પી પાટીદાર,આઈ સી ડી એસ પ્રોગ્રામ ઓફિસરશ્રી અલ્પાબેન સોલંકી, વિવિધ અમલીકરણ અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ,આંગણવાડી કાર્યકર બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## હિંમતનગરના નાખી ગામે આદિ કર્મયોગી અભિયાન અંતર્ગત વિલેજ એક્શન પ્લાન ૨૦30 તૈયાર કરી ગ્રામ સભામાં મંજુર કરવામાં આવ્યો

(ગરવી તાકાત) હિંમતનગર તા.૩

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકાના નાખી ગામે આદિ કર્મયોગી અભિયાન અંતર્ગત વિલેજ એક્શન પ્લાન- ૨૦30 તૈયાર કરી ગ્રામસભામાં મંજુર કર્યો હતો.

ભારત સરકાર દ્વારા ધરતીઆબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (DA-JGUA)ના ભાગરૂપે Aadi karmyogi Responsive Governance Programme જાહેર કર્યો છે. આદિ કર્મયોગી અભિયાન ભારતનું સૌથી વિશાળ આદિવાસી નેતૃત્વ નિર્માણ માટેનું જન આંદોલન છે.આ અભિયાનનો હેતુ ૨૦ લાખ આદિવાસી પરિવર્તન નેતાઓની કેડર વિકસાવવાનો છે. ×આદિ કર્મયોગી વિકસિત ભારતનું મિશન છે.જનસેવા, સમર્પણ અને સંકલ્પના માધ્યમથી દરેક નાગરિકને પ્રભાવશીલ શાસન અને સેવાના સંપૂર્ણ લાભો પૂરા પાડવાનું છે.×

આ કાર્યક્રમ અંતર્ગત ડિસ્ટ્રિક્ટ માસ્ટર ટ્રેનર શ્રીમતી કૈલાસબેન




**આ કાર્યક્રમ અંતર્ગત ડિસ્ટ્રિક્ટ માસ્ટર ટ્રેનર શ્રીમતી કૈલાસબેન રાજગોર આદિ કર્મયોગી અભિયાન અંતર્ગત દત્તક લીધેલા નાખી ગામમાં ગ્રામ્ય કક્ષાના આદિ કર્મયોગીઓને તાલીમ સાથે વિલેજ એક્શન પ્લાન તૈયાર કરી તે અંગે વિસ્તારે માર્ગદશન આપ્યું હતું.**

રાજગોર આદિ કર્મયોગી અભિયાન અંતર્ગત દત્તક લીધેલા નાખી ગામમાં ગ્રામ્ય કક્ષાના આદિ કર્મયોગીઓને તાલીમ સાથે વિલેજ એક્શન પ્લાન તૈયાર કરી તે અંગે વિસ્તારે માર્ગદશન આપ્યું હતું.આ દરમ્યાન ગામમાં આદિ સેવા કેન્દ્ર નું શાળાની બાળકીઓ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

આ દરમિયાન તાલુકા વિકાસ અધિકારી શ્રી એસ. જે ડાભી, બ્લોક માસ્ટર ટ્રેનર શ્રી એમ. જે.કુરેશી,ગામના સરપંચશ્રી,તલાટી કમ મંત્રી,આંગણવાડી કાર્યકર,આશા વર્કર,ગામના સભ્યો,લોક આગેવાનો, સખી મંડળની બહેનો ઉપસ્થિત રહ્યાં હતા.

### કિશોરીના અકાળે મોતથી ગમગીની છવાઇ

## હિંમતનગર : બાથરૂમમાંથી બહાર નીકળ્યા બાદ કિશોરીનું હાર્ટ એટેકથી કરૂણ મોત



**કિશોરીને તાત્કાલિક પરિવારજનો ખાનગી હોસ્પિટલ લઈ ગયા પણ તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. નાની વયે હાર્ટ એટેકથી મોતના સમાચારથી પરિવાર સહિત નગરમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.**

(ગરવી તાકાત) હિંમતનગર તા.૩

સાબરકાંઠાના હિંમતનગરમાં એક ૧૫ વર્ષીય કિશોરીનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું છે. બાથરૂમમાંથી સ્નાન કરીને બહાર નીકળતાં જ કિશોરી ઢળી પડી મોતને ભેટી હતી. કિશોરીના અકાળે મોતથી પરિવારજન સહિત નગરમાં ગમગીની વ્યાપી ગઈ છે.

કોરોનાકાળ બાદ યુવાનોમાં પણ હાર્ટ એટેકથી મોત થવાની ઘટનામાં ચોંકાવનારો વધારો નોંધાયો છે, ત્યારે સાબરકાંઠામાં એક ૧૫ વર્ષીય કિશોરીનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું છે. હિંમતનગરમાં રહેતી રાજવી દવે નામની કિશોરી બાથરૂમમાંથી સ્નાન કરીને બહાર નીકળતાં જ તેને હૃદયરોગનો હુમલો આવતા તે ઢળી પડી હતી.

કિશોરીને તાત્કાલિક પરિવારજનો ખાનગી હોસ્પિટલ લઈ ગયા પણ તબીબે તેણીને મૃત જાહેર કરી હતી. નાની વયે હાર્ટ એટેકથી મોતના સમાચારથી પરિવાર સહિત નગરમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

### દિવાળી તેમજ ઉતરાયણને ધ્યાને લઈ મહેસાણા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી જે.કે. જેગોડા દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ

## મહેસાણા જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં 'પ્રતિબંધિત સાધનસામગ્રી'ના ઉત્પાદન, વેચાણ, સંગ્રહની ઉપર પ્રતિબંધ

### પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરીના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ

(ગરવી તાકાત) મહેસાણા તા.૩

મહેસાણા જિલ્લામાં દિવાળી તથા ઉત્તરાયણ તહેવારની ઉજવણી નિમિત્તે પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરી (જેને હવે પછી ×પ્રતિબંધિત સાધનસામગ્રી× તરીકે દર્શાવેલ છે)નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ સંદર્ભે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ જાહેરનામા અનુસાર મહેસાણા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી જશવંત કે જેગોડા એ મહેસાણા જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં નીચે દર્શાવેલ કૃત્યો પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન(ँ-) નં.૨૫૩/૨૦૧૬ કેસમાં નામ. કોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા,




ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરી (જેને હવે પછી ×પ્રતિબંધિત સાધનસામગ્રી× તરીકે દર્શાવેલ છે)નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ રહેશે.

કોઈપણ વ્યક્તિએ જાનનું જોખમ થાય તે રીતે જાહેરમાર્ગ, રસ્તા/ફુટપાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા પર, પતંગ ઉપર બિભત્સ પ્રકારના અગર આમ જનતાની કોમી તેમજ ધાર્મિક લાગણી દુભાય તેવા ઉશ્કેરણી જનક લખાણો લખવા ઉપર તેમજ લાકડી ઉપર કાંટાવાળા ઝાડના ડાળા બાંધી ઝંડા બનાવી કે બીજી કોઈપણ રીતે કપાયેલા પતંગો અને દોરા મેળવવા આમતેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડા-દોડી કરવા ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે.

આ ઉપરાંત રસ્તાઓ ઉપર ગલીઓમાં ટેલીફોન/ઈલેક્ટ્રીકના બે તાર(વાયરો) ભેગા થવાથી શોર્ટ સર્કિટના કારણે તાર તુટી જવાથી અકસ્માતો સર્જાય, ગંભીર બનાવો બનતા હોય છે જેથી ટેલીફોન કે ઈલેક્ટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તાર, લંગર(દોરી) નાખવા ઉપર તેમજ તેમાં ભરાયેલ પતંગ કે દોરી કાઢવા ઉપર અને આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખૂબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવા જેવા કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે.

આ હુકમ તા.૦૬/૧૦/૨૦૨૫ના ૦૦:૦૦ કલાક થી તા ૦૫/૧૧/૨૦૨૫ના ૨૪:૦૦ કલાક સુધી (બન્ને દિવસો સહિત) અને તા ૦૧/૧૧/૨૦૨૫ના ૦૦:૦૦ કલાક થી તા.૧૬/૦૧/૨૦૨૬ના ૨૪:૦૦ કલાક સુધી (બંન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.

આ હુકમના કોઈ પણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે મહેસાણા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરેલ છે.

# સંક્ષિપ્ત સમાચાર

## ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા નવમું શસ્ત્ર પૂજન કાર્યક્રમ ઇડર તાલુકાના કાવા મુકામે કરવામાં આવ્યો


(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

(ગરવી તાકાત) ઈડર તા.૩

ગુજરાત ક્ષત્રિય સેના દ્વારા શસ્ત્ર પુજન યોજાયું હતું ઈડર ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા ઈડર ક્ષત્રિય સમાજ વાડી થી ડીજેના તાલે શસ્ત્ર સાથે બાઈક રેલીનું સુંદર આયોજન કરવા માં આવ્યું હતું.

બાઈક રેલી જલારામ મંદિર થી તિરંગા સર્કલ થઈને ઉમેદપુરા થી કાવા ગામમાં પહોંચેલ હતી . જ્યાં મહાકાળી મંદિર આગળ બહેનો દ્વારા માતાજીના ફોટાની અને આવેલ તમામ મહેમાનોનું કુમકુમ તિલક અને ફૂલોથી સ્વાગત કરવામાં આવેલ હતું ત્યારબાદ મંદીર આગળ શસ્ત્ર પૂજન ગોઠવવામાં આવેલ હતું ત્યાં રામભાઈ ઠાકોર બકાજી ઠાકોર જીગ્નેશભાઈ ઠાકોર ની સાથે તમામ અગ્રણીઓ માતાઓ બહેનો બાળકો હાજર રહ્યા હતા અને ઈડર પી.આઈ અને પી.એસ.આઈ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ હતો.

## ઈડર ખાતે રાવણ દહન કાર્યક્રમ યોજાયો


(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

(ગરવી તાકાત) ઈડર તા.૩

ઈડર ખાતે ૨ ઓક્ટોમ્બર ના રોજ રાવણ દહનનું આયોજન બજરંગ દળ દ્વારા કરવા માં આવ્યું હતું ત્યારે ઈડર ટાવર ચોકથી ડીજેના તાલે સંતો ની હાજરી માં તથા હનુમાનજી ના પાત્ર જે આ વર્ષે પ્રથમ વખત કરવામાં આવેલ હતું હનુમાનજીનું પાત્ર ગોપીભાઈ પટેલ દ્વારા કરવા માં આવ્યું હતું અને દુર્ગાવાહિની ની દીકરીઓ દ્વારા સુંદર મજાની તલવાર બાજી કરતી નજરે પડી હતી . આ રેલી માં જય શ્રી રામ ના નારા સાથે ટાવરથી તિરંગા સર્કલ આગળ શસ્ત્રો વડે સુંદર મજાના કરતબ કરવામાં આવેલ હતા.

અને સ્ટેજ ઉપર સંતો દ્વારા શસ્ત્ર પૂજન કરવામાં આવેલ હતું અને સુંદર અને સરળ ભાષામાં આપણા હિન્દુ સમાજના દરેકના ઘરે એક શસ્ત્ર રાખવું તેમ ગંભીરપુરા દેવ દરબાર ના મહંત મંગલપુરી મહારાજ દ્વારા જણાવવામાં આવેલ હતું. ત્યારબાદ હનુમાનજી અને સંતો દ્વારા રાવણ દહન કરવામાં આવેલ હતું અને આ રેલી દરમિયાન પીઆઈ રાઠોડ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.રાવણ દહન ના સમયે નગરજનો મોટી સંખ્યા માં ઊપસ્થિત રહ્યા હતા.

## કૃષ્ણધામ તથા શ્યામ ડુપ્લેક્સમાં શાસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજાયો



(ગરવી તાકાત) મહેસાણા તા.૩

આજરોજ મહેસાણા ખાતે કૃષ્ણધામ એપાર્ટમેન્ટ ખાતે શસ્ત્ર પૂજન નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફ્લેટના તમામ સભ્યોએ પોતાના શસ્ત્રો નું પૂજન કર્યું હતું. તેમજ ફ્લેટના સભ્યોને શસ્ત્ર પૂજાનું મહત્વ અને સ્વરક્ષા માટે શસ્ત્રો હોવાની જાણ કરવામાં આવી હતી. જેમાં ફ્લેટ ના સભ્યો કિરણભાઈ પંડ્યા, કૃપાલ વ્યાસ,મંજીતભાઈ બ્રહ્મભટ્ટ,કમલેશભાઈ પટેલ,રાજુભાઈ પ્રજાપતિ વગેરે એ શસ્ત્ર પૂજન કર્યું હતું.

## બદ્રીનાથ ધામના દરવાજા ૨૫ નવેમ્બરના રોજ શિયાળાની ઋતુ માટે બંધ થશે

ચમોલી,તા.૩

બદ્રીનાથ ધામના દરવાજા ૨૫ નવેમ્બરના રોજ શિયાળાની ઋતુ માટે બપોરે ૨:૫૬ વાગ્યે બંધ થશે. પંચ પૂજા ૨૧ નવેમ્બરથી શરૂ થશે. બીજા કેદારનાથ મંદિર, ભગવાન મધ્યમહેશ્વરના દરવાજા ૧૮ નવેમ્બરે બંધ થશે. વિજયાદશમીના દિવસે, ઉખીમઠના ઓમકારેશ્વર મંદિરમાં કેલેન્ડર ગણતરીઓના આધારે તારીખ નક્કી કરવામાં આવી હતી.વિજયાદશમીના શુભ પ્રસંગે, મંદિર પરિસરમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે, કેલેન્ડર ગણતરીઓના આધારે ભગવાન તુંગનાથના દરવાજા શિયાળામાં બંધ કરવાની તારીખ નક્કી કરવામાં આવી હતી.

દેવરા જવા માટે પ્રસ્થાન ૫ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ થશે. આ પછી, ૬ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ, બાબાના દરવાજા આગામી છ મહિના માટે બધા ભક્તો માટે બંધ રહેશે.

Volume : 11 Issue : 172 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002